આઠ વર્ષ પુરાં કરી, 'સન્ડે ઈ–મહેફીલ' આજથી નવમા વર્ષમાં પ્રવેશ કરે છે.
તે અવસરે સૌ વાચકો–પ્રતીભાવકો–સહાયકોને
સંપાદકોની
ભાવભીની સલામ !

@@@

# ગઝલ

## –અશોક જાની 'આનંદ'

**.1.**

કોઈથી દોરાઉં એવો હું નથી,
અન્ય જેવો થાઉં એવો હું નથી.

મનમાં સૌના હોય એ પરખી લઉં,
કોઈથી ભરમાઉં એવો હું નથી.

કોતરેલું નામ છું પાષાણ પર,
સહેજમાં ભુલાઉં એવો હું નથી.

સ્પષ્ટતાનો કોઈ પણ પર્યાય ક્યાં ?!
મન ભરી મુંઝાઉં એવો હું નથી.

બાગમાં મહેંકી જવું ગમતું મને,
શીશીમાં પુરાઉં એવો હું નથી.

સાંભળી લો એક મીઠું ગાન છું,
કોઠીમાં પડઘાઉં એવો હું નથી.

ચોતરફ 'આનંદ' થઈ વેરાઉં છું,
મુઠ્ઠીમાં સંતાઉં એવો હું નથી.

**.2.**

રાત'દી વણસ્યા કરે છે જો, ખરી છે વેદના,
ને સતત ફણગ્યા કરે છે જો, ખરી છે વેદના.

હોઠ પર જો સ્મીત આવે એક-બે ક્ષણ ત્યાં જ તો,
આંસુઓ ખડક્યા કરે છે જો, ખરી છે વેદના.

માંડ ઠારું આંસુ છાંટી આ ભભુકતી આગને,
ત્યાં ફરી સળગ્યા કરે છે જો, ખરી છે વેદના.
હું ફકત ઈચ્છું કે કાયમ દર્દનો દુષ્કાળ હો,
પણ અહીં વરસ્યા કરે છે જો, ખરી છે વેદના.

આંખમાં ‘આનંદ’ની લઈને અપેક્ષા હું ફરું,
તોય પણ વળગ્યા કરે છે જો, ખરી છે વેદના.

**.3.**

હવામાં વાયરો વાયો ખબર ક્યાં કોઈને એની..!
સુરજ તડકાથી ગભરાયો ખબર ક્યાં કોઈને એની..!

તમે આખો દીવસ જે આઈનાને જોઈ જીવો છો,
અરીસો ક્યાં અરીસાયો ખબર ક્યાં કોઈને એની..!

સતત એક જ દીશામાં આપણે વહેતા રહ્યાં તો પણ,
વહેણનો અર્થ બદલાયો ખબર ક્યાં કોઈને એની..!

લગાવી હોઠ પર બેઠાં અમે એક મૌનનું તાળું,
નજરમાં ભાવ છલકાયો ખબર ક્યાં કોઈને એની..!

હવે ‘આનંદ’ના અજવાસમાં જો જો જગત આખું,
હરેક આંખે એ મલકાયો ખબર ક્યાં કોઈને એની..!

**.4.**

અવઢવીને રાત આખી એમણે ગાળી હશે,
ને સવારે હાશ કહીને ખાટલી ઢાળી હશે.

એટલે ઝળહળ હશે સુરજ સવારે પંથનો,
જો વીતેલી રાત તારી ગાઢ ને કાળી હશે.

મનનો મહેરામણ કદી છલકાય ના બસ એટલે,
કેટલી આંધી- ત્સુનામી મ્હાંયલે ટાળી હશે !

ખુદ તું મુલઝીમ ને ખુદ કાજી બની બેઠો પછી,
સંભવીત ગંભીર સજાઓ તેં જરુર ટાળી હશે.

આજ તારી સામે એ નીર્ભીક બની ઉભી છે જો,
સાવ છાની તારી વૃત્તી તેં જ પંપાળી હશે.

એક-બે મોતી મઝાનાં જો મળે તો રાજીપો,
જીન્દગીભર કેટલી તેં છીપલી ચાળી હશે.

રાતના અંધારની તું ના કરીશ ચીંતા હવે,
જો હશે 'આનંદ' તો એ રાત અજવાળી હશે.

**.5.**

સંબંધો સાચવી લેવા અમે સમજણ બહુ રાખી,
દીશાઓ પારખી લેવા અમે સમજણ બહુ રાખી.

તમે તો એક ઈંગીતથી ઘણી વાતો કહી દીધી,
અરથને તારવી લેવા અમે સમજણ બહુ રાખી.

ખબર છે એ બધું સાચું કહી દેશે જ મોઢા પર,
છતાં પણ આરસી લેવા અમે સમજણ બહુ રાખી.

હરેક ક્ષણ કેટલી અણમોલ છે એ વાત જાણીને,
ક્ષણે ક્ષણ વાપરી લેવા અમે સમજણ બહુ રાખી.

ખરી છે ગોપીઓ ! કેવળ કીસન સંગ રાસ ઝંખે છે,
વ્યથાની વાંસળી લેવા અમે સમજણ બહુ રાખી.

તમે ખુશ થાવ છો બાગે વસંતી ફુલ જોઈને.
ને છાલક શ્રાવણી લેવા અમે સમજણ બહુ રાખી.

હતો 'આનંદ' એ રસ્તે અમે ચાલ્યા વીચારીને,
ચીલાને ચાતરી લેવા અમે સમજણ બહુ રાખી.

**.6.**

આંખમાં પણ વ્યક્ત જેવું ક્યાં કશું પણ છે હવે ?
પાંપણોમાં ગુપ્ત જેવું ક્યાં કશું પણ છે હવે ?

ટેરવાં કુંઠીત થયાં, સંવેદના ભોંઠી પડી,
ને મજાના સ્પર્શ જેવું ક્યાં કશું પણ છે હવે ?

જુલ્મ જોઈ આંખ આડા કાન કરીએ આપણે,
આ શીરામાં રક્ત જેવું ક્યાં કશું પણ છે હવે ?

શબ્દને તેં જે દીવસ આ હળની સાથે જોતર્યો,
વાતમાં લે કાવ્ય જેવું ક્યાં કશું પણ છે હવે ?

જે ક્ષણે વીસ્મય સર્યું આ આંખથી, ‘આનંદ’ ગયો,
જીન્દગીમાં અર્થ જેવું ક્યાં કશું પણ છે હવે ?

**.7.**

એ જ ચહેરા, એ જ પગલાં, વાટ લઈ દોડ્યા કરે,
‘કંઈ મળ્યું ના’નો સતત કણસાટ લઈ દોડ્યા કરે.

મુલ્ય ને સીદ્ધાંત સહુ વેચી દીધાં પાણી મુલે ,
જાતની તો પણ હંમેશાં હાટ લઈ દોડ્યા કરે.

આ રહી મંઝીલ જુઓ આંખો સમક્ષ દેખાય છે,
કોણ જાણે તોય શેં રઘવાટ લઈ દોડ્યા કરે.

હાથમાં મોતી મળ્યા સાચાં; છતાં ના સાચવ્યાં,
ને ફટકીયાંનો હવે ચળકાટ લઈ દોડ્યા કરે.

છે જરુરી આપણું ‘આનંદ’ વનમાં રાચવું,
ને બધાં શું કામ આ ઉચાટ લઈ દોડ્યા કરે ?

**.8.**

કોઈ પણ હો હાલ ભઈલા, આપણે આનંદ છે,
સાવ સીધી ચાલ ભઈલા, આપણે આનંદ છે.

હુંય પણ માણસ છું લ્યા, ગુસ્સો મને આવે ખરો,
એ થયું ગઈ કાલ ભઈલા, આપણે આનંદ છે.

બે ઘડી અવસાદ કો’ દી અમને પણ ઘેરી વળે,
પણ પછી ખુશહાલ ભઈલા, આપણે આનંદ છે.

જંગ જો આવી પડે હથીયારના લઉં હાથમાં,
ફક્ત લઉં બે ઢાલ ભઈલા, આપણે આનંદ છે.

ઝેર ના રાખ્યું કદી મેં, ના ઉદર, ના આંખમાં,
ના રતી ના વાલ ભઈલા, આપણે આનંદ છે.

પ્રેમથી ‘આનંદ’નું આ ગીત લખ્યું મેં જ્યારથી,
સ્વસ્થ છે સુર–તાલ ભઈલા, આપણે આનંદ છે.

વૃક્ષ મેં વાવ્યું છે દીલના આંગણે ‘આનંદ’નું,
ખુબ ઉતારે ફાલ ભઈલા, આપણે આનંદ છે.

**.9.**

નીકળ્યો છું ખુદને શોધવા ને ક્યાંય પણ દર્પણ નથી,
અંદર ઝુકીને જોયું હોય, એકાદ એવી ક્ષણ નથી.

માયા બધી ખંખેરી લે મન ચાલ ગઠરી બાંધ તું,
ખીંટી નથી કોઈ હવે કે કોઈ પણ વળગણ નથી.

ચાલ્યા કરો, ચાલ્યા કરો, ચાલ્યા કરો, ચાલ્યા કરો,
મંઝીલ હજુ બહુ દુર છે ને ક્યાંય પણ અડચણ નથી.

ચારે તરફ વહેતી સુગંધી ખુશનુમા વાતાવરણ,
વૃન્દાવની ઉપવન છે આ કોઈ આગ ઝરતું રણ નથી.

‘આનંદ’નું હોવું જરુરી છે જીવનમાં એટલે,
ઢંઢોળજે તું જાતને જો મ્હાલી પા રણઝણ નથી.

**.10.**

ખબર કોને અહીં ક્યારે જવાનું, ક્યાં જવાનું છે,
ખુલેલી પાંખને બસ આપણે બળ આપવાનું છે.

ભલેને આવરી લે ચોતરફ અવસાદનું વાદળ,
ફગાવી એને બસ જીવનને લખલુંટ માણવાનું છે.

હવે એકાંતને ખેતર મજાનો મોલ ઉપજે છે,
જરા જહેમત કરી મનની ભીતર એ સ્થાપવાનું છે.

તમે ચાલો, સતત ચાલો અને બસ ચાલતા રહેજો,
અગર રોકાઈ ગ્યા તો જીન્દગીભર હાંફવાનું છે.

ગમે તે હોય પણ એ વાતનો ‘આનંદ’ છે આજે,
જીવનની આ કથામાં આપણે સ્મીત વાંચવાનું છે.

**.11.**

ન કાંઈ સ્વસ્થતા જેવું ન કાંઈ સ્તબ્ધતા જેવું,
મને લાગે છે આ મારું જીવન બસ વ્યર્થતા જેવું.

નથી શીખ્યો કદી છળ બસ હંમેશાં છેતરાયો છું,
મને ના આવડ્યું આ જીન્દગીમાં દક્ષતા જેવું.

હવે પથરાય છે જો ચોતરફ કવીતાનું અજવાળું,
અને જો દુર લગ પડઘાય છે ની:શબ્દતા જેવું.

હતી વસ્તી તો ઘર આ લાગતું’તું કેવું રુપાળું !,
હવે ઠેબે ચઢે છે હર કદમ બસ ભગ્નતા જેવું.

હું કાયમ આમ તો ‘આનંદ’ સાથે લઈને ચાલુ છું,
છતાં શીદ આજ આ ઘેરી વળ્યું છે વ્યગ્રતા જેવું.

**.12.**

આ અહંની ભીંત તોડી નાંખ તું,
તે પછી જે કંઈ મળે તે ચાખ તું.

જાતને બસ વૃક્ષ કેવળ માનજે,
તું જ મુળ છે, તું જ થડ ને શાખ તું,

ક્યાં કશું ઝાઝું પછી કરવું પડે !
સૌને માટે પ્રેમ મનમાં રાખ તું.

રાખજે દીલના કમાડો ખોલીને,
ને ભરોસે બંધ કરજે આંખ તું.

ન્યાયને માટે સદા લડતો રહે,
ક્યાંય ખોટું કોઈનું ના સાંખ તું.

ભાગ્યથી કંઈ પણ વધારે નહીં મળે,
વ્યર્થ કોશીશ છો કરેને લાખ તું.

આંખ ને હૈયે ભરી ‘આનંદ’ બસ,
ઉડજે બંધુ પ્રસારી પાંખ તું ..!

**.13.**

આખેઆખો માણસ જ્યારે કોઈ વાતે આંસુ થઈ રેલાય, એ કોઈ જેવી તેવી ઘટના છે !
છાતી પરનો ભાર અચાનક સૌની સામે ડુસકાં થઈ પડધાય, એ કોઈ જેવી તેવી ઘટના છે !

આંખ વચાળે ચાસ બનાવી, જતન કરીને, સોના જેવાં શમણાં રોપ્યાં, ને ઉછેર્યાં, મ્હોરતાં પહેલાં-
એ શમણાઓ તુટે તડાક દઈને, ત્યારે કાચ થઈ ભોંકાય, એ કોઈ જેવી તેવી ઘટના છે !

વરસો પહેલાં છુટો પડેલો એક ગોઠીયો, થઈ આગંતુક સાવ અચાનક એક સવારે આંગણ આવે
ઓળખી એને આંખ તમારી, હૈયું એનું ઝળઝળીયે ભીંજાય, એ કોઈ જેવી તેવી ઘટના છે !

ઉનાળાની ભર બપ્પોરે ધુળની ડમરી વાતી લુમાં, ગુલમહોર મહોરે ને ગરમાળો લુમે લટકે,
એ જોઈને ‘બ્રેડ પરેડી’ કોઈ માણસ ભીનો થઈ હરખાય, એ કોઈ જેવી તેવી ઘટના છે !

ભરચક્ક બસમાં કોઈ વૃદ્ધા ઉભાં ઉભાં જાત સંભાળી કરે મુસાફરી, જુવાનીયાં સૌ બેઠાં રહેતાં,
દીલમાં રામ વસ્યે કોઈ જુવાન ઉભો થાય ને પેલી વૃદ્ધા પોરો ખાય, એ કોઈ જેવી તેવી ઘટના છે !

કોડ ભરેલી કોઈ કન્યા પરણ્યાના થોડા દહાડામાં સાસરીયાના જુલમ-સીતમથી ઘર છોડીને,
બાપને ઉંબર આવી પહોંચે તે ઘડીઓમાં બાપનું દીલ કોરાય, એ કોઈ જેવી તેવી ઘટના છે !

એક ગલુડીયું કઉં.. કઉં.. કરતું માને શોધે ગલી ગલીમાં, ત્યાં એક ભુલકું તેના ભાગનું દુધ પીવડાવે,
ભુલકાનું મન નાચી ઉઠે ને મન–મનમાં ‘આનંદ’ ઉત્સવ થાય, એ કોઈ જેવી તેવી ઘટના છે !

અશોક જાની ‘આનંદ’

**કવીસંપર્ક**: 'નીરાંત' બી-૧૨, લકુલેશ અમીધારા, પ્રભુનગર પાસે, વાઘોડીયા રોડ, વડોદરા-૩૯૦૦૧૯
મોબાઈલ – 98795 65012 Email: ashokjani53@gmail.com

**કવીસર્જન**: (૧) **આસોપાલવ** (ગઝલ સંગ્રહ- ૨૦૦૨) પ્રકાશક - અશોક જાની ‘આનંદ’, પૃષ્ઠ - ૧૨+૬૯

મુલ્ય - ૪૫.૦૦ રુપીયા, પ્રાપ્તીસ્થાન- ઉપરના સરનામે

(૨) **દડમજલ** (ગીત-ગઝલ સંગ્રહ-૨૦૦૯)

પ્રકાશક- નવભારત સાહીત્ય મંદીર, ૨૦૨-પેલીકન હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ - ૯ પૃષ્ઠ - ૧૪+૧૬૦

મુલ્ય - ૧૦૦.૦૦ રુપીયા.

ઉપરના બન્ને પુસ્તકો ઓન લાઈન www.bookganga.com પર પણ પ્રાપ્ય છે.

'સન્ડે ઈ-મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ : **નવમું** – અંક : 271 – June, 02

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@

More than 2,14,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 19,30,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 4,70,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@